MACHINE TOOLS MANUFACTURERS` ASSOCIATION
44, "Shivanand Complex", 4th Floor, Dhebar Road,
Rajkot-360002 (Gujarat) India.
Tel. : +91-281-2238708 Mob. : +91 72400 77400
Email : info@mtmarajkot.org Web. : www.mtmarajkot.org
Since 1983

**Yogin Chhaniara**
President
M. 9825075023

**Haresh Patel**
Vice President
M. 9825211988

**Tejas Dudakiya**
Hon. Secretary
M. 9824231975

**Deval Ghorecha**
Jt. Secretary
M. 9824222448

**Kanaksinh Gohil**
Hon. Treasurer
M. 9824324398

**Sachin Nagewadia**
Director
M. 9426900070

**Brijesh Sapariya**
Director
M. 9825267325

**Karan Parmar**
Director
M. 9227744900

**Piyush Dodia**
Director
M. 9426734687

**Ashwin Kawa**
Director
M. 9825076452

**Ketan Gajera**
Director
M. 9998844445

**Bipin Siddhapura**
Co-Op. Director
M. 9898858313

**Rajesh Dodia**
Co-Op. Director
M. 9824088998

**Ghanshyam Parmar**
Co-Op. Director

સરકયુલર નં. ૦૨/૨૦૨૧–૨૨ તા. ૧૦.૦૫.૨૦૨૧

# કારોબારી સમિતી ચુંટણી
## વર્ષ ૨૦૨૧–૨૨ / ૨૦૨૨–૨૩

સભ્ય શ્રી,

આ સાથે જણાવવાનું કે એસોસીએશનનાં બંધારણનાં ધારાધોરણ મુજબ નવા વર્ષ ૨૦૨૧–૨૨ તથા ૨૦૨૨–૨૩ માટે કારોબારી સમિતી ની ચુંટણી આગામી માસમાં કરવાની છે. તો જે સભ્યભાઈઓ એ ઉમેદવારી નોંધાવવાની હોય તેઓએ આ સાથેનું ઉમેદવારી ફોર્મ (પરિશિષ્ઠ–બ) ભરીને એસોસીએશનની ઓફીસે **તારીખ ૧૮.૦૫.૨૦૨૧, બપોરે ૧–૦૦ વાગ્યા** સુધીમાં મોકલી આપવા નમ્ર વિનંતી.

**નોંધ :–**

૧) ચુંટણીની તારીખ તથા ચુંટણી સમિતિની રચના જો જરૂરીયાતથી વધું ઉમેદવારી આવશે તો જ કરવામાં આવશે.

૨) ચુંટણી માટેના નિયમો તથા ઉમેદવારી ફોર્મ (પરિશિષ્ઠ–બ) આ સાથે જોડેલ છે.

**વિશેષ નોંધ :–**

૧) હાલની કોરોના મહામારીના કપરા સમયમાં જો ચુંટણી કરવાની જરૂરીયાત જણાશે તો સરકારી ગાઈડલાઈન મુજબ અને સમય પ્રમાણે ચુંટણીનું આયોજન કરવામાં આવશે જેની દરેક સભ્યભાઈઓએ ખાસ નોંધ લેવા વિનંતી.

**હાલની કોરોના મહામારીમાં આંશીક લોકડાઉનને લીધે એસોસીએશનની ઓફીસનો સમય સવારે ૯–૩૦ થી બપોરે ૧–૦૦ વાગ્યા સુધીનો રહેશે.**

આભાર સહ,
**મશીન ટુલ્સ મેન્યુ. એસોસીએશન વતી,**

**યોગીન છનીયારા**
**પ્રમુખ**

## ચુંટણી અને તેના નિયમો :–

(૧) કારોબારી સમિતિનાં સભ્યોની ચુંટણી દર બે વર્ષે ૧ લી એપ્રીલથી ૩૦ જુન દરમ્યાન કરવાની રહેશે અને ચુંટણી માટેની તારીખ કારોબારી સમિતિ નકકી કરશે. ચુંટણીનું પરીણામ જાહેર થયા બાદ એક સપ્તાહમાં જુના બોર્ડે નવા બોર્ડને કામકાજનો હવાલો સોંપી દેવાનો રહેશે.

(૨) કારોબારી સમિતિના ૨/૩ સભ્યો એકી સાથે રાજીનામાં આપે અથવા અસાધારણ સંજોગોમાં કાનુનસર કારોબારી સમિતિ બરખાસ્ત થાય તો તે સમયે વચગાળાની ચુંટણી કરવાની રહેશે. આવી ચુંટણી દવારા નીમાયેલ નવી સમિતિની મુદત રાજીનામુ આપેલ કે બરખાસ્ત થયેલ સમિતિની પુરી થતી મુદત સુધીની રહેશે.

(૩) કારોબારી સમિતિ ૧૧ સભ્યોની રહેશે એટલે ૧૧ કરતા વધારે ઉમેદવારી પત્ર ભરાયેલા હશે તો ચુંટણી પ્રક્રીયા કરવાની રહેશે. અને જો ૧૧ કરતા ઓછા ઉમેદવારી પત્ર આવેલા હશે તો તે તમામ ઉમેદવારો બીન હરીફ ચુંટાયેલા ગણાશે અને ઘટતા સભ્યોની નિમણુંક કરવાની સતા કારોબારી સમિતિની રહેશે.

(૪) ચુંટણી જે વર્ષે થવાની હોય તે વર્ષ પહેલાનાં બે વર્ષનું લવાજમ કેટેગરી – **A** ના જે સભ્યે ભરેલું હશે, એટલે કે જે સભ્ય સતત બે વર્ષથી સભ્યપદે ચાલું હશે તેવા સભ્યજ ચુંટણીમાં ઉભા રહી શકશે.

(૫) ચુંટણી જે વર્ષે થવાની હોય તે વર્ષ પહેલાનાં એક વર્ષનું લવાજમ કેટેગરી – **A** ના જે સભ્યે ભરેલું હશે તેવા સભ્યજ ચુંટણીમાં મતદાન કરી શકશે.

(૬) એસોસીએશનની કેટેગરી – **A** માં આવતા એકમના ભાગીદાર કે પ્રતિનિધિ તરીકે નોંધાયેલ હશે તે પૈકી એકજ પ્રતિનિધિ ચુંટણીમાં ઉમેદવારી નોંધાવી શકશે.

(૭) ચુંટણીમાં ઉભા રહેનાર સભ્યે પરિશિષ્ઠ–બ પ્રમાણેનું ઉમેદવારીપત્ર ભરવાનું રહેશે.

(૮) ચુંટણીમાં ઉભા રહેનાર સભ્યનું ઉમેદવારીપત્ર ચુંટણી સમિતિએ નકકી કરેલ સ્થળ અને સમય સુધીમાં પહોંચાડવાનું રહેશે.

(૯) કારોબારી સમિતિ ૧૧ સભ્યોની રહેશે એટલે દરેક મતદારે કુલ ૧૧ સભ્યોને મત આપવાનાં રહેશે. મતપત્રકમાં ૧૧ કરતા વધુ અગર ઓછા મત હશે તો તેવુ મતપત્રક રદ થયેલુ ગણાશે.

(૧૦) મતપત્રકોમાં મળેલા મતો મુજબ સહુથી વધુ મતો મેળવનાર પહેલા ૧૧ સભ્યને કારોબારી સમિતિના ચુંટાયેલા સભ્યો તરીકે જાહેર કરવામાં આવશે.

(૧૧) હોદેદારોમાંથી કોઈનું રાજીનામું આવેલ હશે, અને તે કારોબારી સમિતિએ મંજુર કરેલ હશે તો અથવા કોઈપણ અન્ય કારણસર કોઈ હોદેદારની જગ્યા ખાલી પડે તો કારોબારી સમિતિ ખાલી પડેલ જગ્યામાં કોઈપણ કોપ્ટ મેમ્બરને કારોબારી સમિતિમાં બહુમતીથી મંજુર કરીને સમાવી શકશે.

(૧૨) ચુંટણીમાં ઉભા રહેવા માટે ઉમેદવારોએ ઉમેદવારી પત્ર સાથે રૂા. ૧૦૦૦૦/– ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. ડીપોઝીટની રકમ જમા કરાવ્યા વગરનું ઉમેદવારી પત્ર રદ ગણાશે.

(૧૩) ઉમેદવારી પત્ર પાછું ખેંચનારને ડીપોઝીટ માંથી રૂા.૨૦૦૦/– ની રકમ દંડ પેટે કાપીને બાકીની રકમ પરત કરવામાં આવશે અને દંડની રકમ એસોસીએશનના ભંડોળમાં જમા કરવામાં આવશે.

(૧૪) મતપત્રકોમાં મળેલા મતો મુજબ સહુથી વધુ મતો મેળવનાર પહેલા ૧૧ સભ્યને કારોબારી સમિતિના ચુંટાયેલા સભ્યો તરીકે જાહેર કરવામાં આવશે એ સીવાયના બાકીના તમામ ઉમેદવારોની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને ચુંટાયેલા સભ્યોની ડીપોઝીટ પરત કરવામાં આવશે.

# <u>પરિશિષ્ઠ – બ –</u>

**શ્રી મશીન ટુલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન,**
**રાજકોટ**

હું ______________________________________________
નીચે સહી કરનાર આથી જણાવું છું કે આ સંસ્થાની કારોબારી સમિતિના સભ્ય તરીકે વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માટે થનાર ચુંટણીમાં ઉમેદવાર થવા ઈચ્છું છું અને આથી ખાતરી આપું છું કે હું જો ચુંટણીમાં ચુંટાઈશ તો આપણા એસોસીએશનનાં બંધારણ અને તેની નીતિ અનુસાર વર્તીશ અને આપણા એસોસીએશનની આબાદી માટે કાર્ય કરીશ. તો કારોબારી સમિતિના સભ્ય માટે મને ઉમેદવાર તરીકે લેવા વિનંતી છે.

**<u>દરખાસ્ત</u>**

૧. દરખાસ્ત કરનાર કારખાનાનું નામ
(એસો. ના સભ્યએકમનું નામ)

______________________

______________________

૨. પેઢી વતી અધિકૃત પ્રતિનિધીની સહી

______________________

______________________

**<u>ઉમેદવાર</u>**

૧. ઉમેદવારનું નામ

______________________

______________________

૨. ઉમેદવારની પેઢી કંપનીનું નામ

______________________

૩. ઉમેદવારની સહી

______________________